## સંક્ષિપ્ત સમાચાર

### વડોદરા રોજગાર કચેરી દ્વારા માર્ચ મહિનામાં ૧૦ તાલુકામાં કેમ્પ યોજી 738 ઉમેદવારોની નોંધણી કરાઈ



**વડોદરા :** વડોદરા રોજગાર કચેરી દ્વારા તા. ૧૮.૩.૨૦૨૫ થી તા. ૨૮.૩.૨૦૨૫ દરમિયાન આરએમએસ પોલીટેકનીક, સરકારી આઈટીઆઈ, દશરથ, સાવલી,ડભોઈ,કરજણ, શિનોર, પાદરા, કાયાવરોહણ, મહુવડ, ડો. ઠાકોરભાઈ પટેલ ગર્લ્સ કોલેજ,અકોટા,બટલર પોલીટેકનીક કોલેજ, નિઝામપુરા, કેપીજીયુ યુનિવર્સિટી ,વરણામા ખાતે યોજાયેલ કુલ ૧૦ તાલુકા કેમ્પમાં ૭૩૮ વિદ્યાર્થી/ઉમેદવારોના અનુબંધમ પોર્ટલ www.anubandham.gujarat.gov.in અને એનસીએસ પોર્ટલ www.ncs.gov.in પર નામ નોંધણી કરવામા આવી છે. જિલ્લા, તાલુકા કેમ્પ દ્વારા નામ નોંધણી કરાઈ હતી.

### વડોદરા જિલ્લામાં 40%થી વધુ દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનો માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન

**વડોદરા :** વિવિધ તાલુકાઓમાં તા.૪ એપ્રિલ થી તા. ૯ એપ્રિલ સુધી દિવ્યાંગજનો એસેસમેન્ટ કરી નામ નોંધણી કરાવી શકશે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર તથા ગુજરાત રાજ્ય અને ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (એલીમ્કો) કાનપુર તથા જિલ્લા વહીવટી તંત્ર વડોદરાના સંયુકત ઉપક્રમે દિવ્યાંગજનો માટે જિલ્લાભરમાં એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે દિવ્યાંગજન ૪૦% કે તેથી વધારે દિવ્યાંગતા ધરાવતા હોય તેઓને દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનો જેવા કે, ટ્રાયસીકલ, મોટરાઇઝડ ટ્રાઇસિકલ, સ્માર્ટ ફોન,વ્હીલચેર, કાખઘોડી, શ્રવણયંત્ર, ટી.એલ.એમ કીટ, કૃત્રિમ અંગ, કેલીપર્સ, વિગેરે માટે એસેસમેન્ટ હાથ ધરાયું છે. આ અંતર્ગત એસેસમેન્ટ કરાવવા માટે તા.૦૪/૦૪ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર બાજવા ખાતે, તા.૦૫/૦૪/૨૦૨૫ના રોજ દીપક ફાઉન્ડેશન, સમાજ સુરક્ષા સંકુલ પેન્શનપુરા ખાતે, તા. ૦૭/૦૪ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર, વાઘોડિયા ખાતે, તા. ૦૮/૦૪ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર સાવલી ખાતે અને તા.૦૯/૦૪ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર, ડેસર ખાતે સવારે ૧૦.૦૦ કલાકથી નામ નોંધણી કરાશે. આ કેમ્પમાં વધુમાં વધુ જરૂરિયાતમંદ દિવ્યાંગજનો પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ-૨, ૪૦% કે તેથી વધુની દિવ્યાંગતા ધરાવતા હોવા અંગેનું UDID કાર્ડ અથવા UDID કાર્ડનો નોંધણી નંબર કે દિવ્યાંગતા ડોકટરી પ્રમાણપત્રની નકલ, આધાર કાર્ડની નકલ, રહેઠાણનો પુરાવોની નકલ સાથે હાજર રહી પોતાના નામની નોંધણી કરાવી એસેસમેન્ટ કરવી શકશે. વધુ માહિતી માટે જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, રૂમ નં-૧૦૩, સી-બ્લોક, પ્રથમ માળે, જેલ રોડ, નર્મદા ભવન, વડોદરા, તથા ફોન નં. ૦૨૬૫-૨૪૨૮૦૪૮ પર સંપર્ક કરવો.

### ચૈત્રી નવરાત્રીના પ્રારંભથી ડભોઇના તમામ માઇ મંદિરોમાં ભકતજનોની ભારે ભીડ



**ડભોઈ :** હિન્દુ સંપ્રદાય પ્રમાણે ચૈત્ર સુદ એકમના દિવસ થી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થતો હોય છે.મંત્ર,તંત્ર, શકિતની પુજાઅર્ચના એટલે ચૈત્રી નવરાત્રી.ડભોઇ નગર મા ચૈત્રી નવરાત્રી નો પ્રારંભ થતા નગરના માંઇ મંદિરો માં ભક્તોની ભારે ભીડ જામી હતી.આસો અને ચૈત્રી નવરાત્રીનું અનેરૂ મહત્વ હોય છે.જેમાં ચૈત્રી નવરાત્રી મંત્ર, તંત્ર અને શકિતની પુજા અર્ચના કરવા માટે સૌથી શ્રેષ્ઠ મહત્વ માનવામાં આવે છે.ચૈત્રી નવરાત્રી નો પ્રારંભ થતાજ શ્રધ્ધાળું ઓમાં અનેરો ઉમંગ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. નવરાત્રીના આઠમ ના દિવસ સુધી ભક્તિમય વાતાવરણ વચ્ચે માતાજીની પૂજા અચેના કરવામાં આવે છે. ભક્તોનો મંદિર ખાતે ઘસારો રહેતા દર્શનાર્થી ઓની કતારો લાગેલી જોવા મળી હતી.

### ક્વાંટ તાલુકાના નવાલજા ગામથી ધરમજીયા ફળિયા સુધીના નવાલજા રોડનું ખાત મુર્હૂત કરાયું



**ક્વાંટ :** ક્વાંટ તાલુકાના નવાલજા ગામથી ધરમજીયા ફળિયા સુધીના નવાલજા રોડનું ખાત મુહુર્ત 138જેતપુર પાવી વિધાનસભાના હસ્તે કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી સડક યોજનામાં 180.00 લાખના ખર્ચ નવલજા ગામથી ધરમજીયા ને જોડતા રસ્તાનું ખાતમુહૂર્ત માનનીય ધારાસભ્ય જ્યંતિભાઈ રાઠવાની પ્રેરક ઉપસ્થિતિમાં રોડ નું ખાતમુહૂર્ત કરાયું. માનનીય ધારાસભ્ય જ્યંતિભાઈ રાઠવા પૂર્વ સાંસદ ગીતાબેન તાલુકા છોટાઉદેપુર જિલ્લા સંગઠન પ્રમુખ ઉમેશભાઈ પાલીયા પાર્ટીપ્રમુખ જિલ્લા પંચાયત ના સભ્ય સુરતન ભાઈ સંજયભાઈ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન પીન્ટુભાઈ ગુજરાત પ્રદેશ યુવા મોરચા ઉપાધ્યક્ષ મુકેશભાઈ રાઠવા તેમજ અન્ય સભ્યયો ઉપસ્થીત રહ્યા હતા.

**કમોસમી વરસાદનો ભય, કેરીના પાકને નુકશાન થવાની ભીતિ**

# નસવાડી તાલુકામાં વાદળછાયા વાતાવરણથી ખેડૂતો ચિંતાતૂર

**વરસાદ** પડે તો ખેતીને નુકશાન થાય તેમજ આંબા ઉપર લાગેલી કેરીને પણ નુકશાન થાય

**અગાઉના** બે વર્ષમાં કમોસમી વરસાદથી ભારે નુકશાન થયેલું છે



(પ્રતિનિધિ) નસવાડી, તા. 1

નસવાડી તાલુકામાં આકાશ માં સવાર થી વાદળો ઘેરાયા હતા અને વાદળો ના કારણે તાપ પણ નીકળ્યો ના હતો જયારે ગત વર્ષે બે વખત અલગ અલગ સમયે કમોસમી વરસાદ પડ્યો હતો હાલ નસવાડી તાલુકામાં અનેક ગામડાઓમાં લગ્નગાળા ની સીઝન શરુ થઈ છે જયારે ખેતરો માં તલ નું વાવેતર તેમજ મગ નું વાવેતર કરેલું છે તેમાં લાખો રૂપિયાનો ખર્ચ ખેડૂતોએ કરેલ છે ત્યારે આકાશ માં વાદળો છવાતા લોકો માં ગભરાટ છવાયો છે કમોસમી વરસાદ પડે તો ખેતી ને નુકશાન થાય તેમજ આંબા ઉપર લાગેલ કેરી ને પણ નુકશાન થાય તેમજ લગ્ન પ્રસંગો માં પણ વિક્ષેપ આવે ત્યારે અચાનક જ વાતાવરણ પલટાતા લોકો ચિંતિત બન્યા છે કમોસમી વરસાદ નો ડર સતાવી રહ્યો છે અગાઉ ના બે વર્ષ માં કમોસમી વરસાદ થી ભારે નુકશાન થયેલ છે ગરમી ની સીઝન શરુ થતા ની સાથેજ વાદળો છવાતા ખેડૂતો એ ખેતર માં મકાઈ નો પાક તૈયાર થઈ જતા મકાઈ ના ડોળા ગામેગામ ખેતરો માં ખડાં માં સુકાવવા માટે પડયા છે ત્યારે તેની સફાઈ કરવા માટે ખેડૂતો કામે લાગી ગયા છે હાલ તો કમોસમી વરસાદ ના ડર થી ખેડૂતો સતત ખેતરો માં કામગીરી કરી રહ્યા છે.

નસવાડીમાં સવારથી વાદળો ઘેરાતા ખેડૂતો ચિંતાતુર બન્યા હતા. ખેડૂતો ચિતાના કારણે ખેતરોમાં કામગીરી કરી રહ્યા છે.

## આરોગ્ય વિભાગે છુટા કરેલા કર્મચારીઓને પરત લેવાયા



(પ્રતિનિધિ) ડભોઈ, તા. 1

ગુજરાત સરકાર સામે આરોગ્ય વિભાગ ના કર્મચારી ઓ પોતાની માંગણી ને લઈ હડતાળ નુ શસ્ત્ર ઉગામેલ જેમા ડભોઈ ના૪૭ કર્મચારી ઓ માંથી ૪૨ કર્મચારી ઓ હડતાળ મા જોડાયા હતા સરકાર ધ્વારા ડભોઈ તાલુકા ના ૪૨ કર્મચારી ઓ ને છુટા કરી દેવામા આવેલ જેમા થી સરકાર ધ્વારા ૧૭ કર્મચારી ઓ ને પરત ફરજ પર લેવાયા છે અને હજુ બીજા ૨૫ કર્મચારી ઓ ફરજ પર પરત લેવાયા નથી અને હવે ૪૭ કર્મચારી ઓ સરકાર સામે પડતર માંગણી ઓ ને લઈ હડતાળ મા જોડાયા છે જાણવા મળ્યાં મુજબ ગ્રામ્ય લેવલે આયુષ્યમાન કાર્ડ , મા કાર્ડ અને ત્રણ સપ્તાહ થી મમતા દિવ્ ની ઉજવણી થઈ નથી જૈને લઈ ગ્રામ્ય જનતા ને આરોગ્ય વિભાગ ની અછત વર્તાઈ રહી છે ડભોઈ તાલુકા મા આરોગ્ય ની સેવા ઓ ખોરવાઈ છે. સરકાર વહેલી તકે નિવારણ લાવી ગ્રામ્ય જનતા ની આરોગ્ય ની સુખાકારી ની ચિંતા કરે એવી માગણી ઉઠવા પામી છે આરોગ્ય વિભાગ ના હડતાળ ના કર્મચારી ઓ પાસેથી મળેલ વિગતો મુજબ જયા સુધી પડતર માંગણી ઓ મંજુર નહી થાય ત્યાં સુધી હડતાળનું શસ્ત્ર ચાલુ જ રહેશે.

## માલસર અસા બ્રિજ પાસે બે બાઈકો અથડાતા બંને બાઈક ચાલકોને ઈજા




(પ્રતિનિધિ) શિનોર, તા. 1

માલસર અસા નર્મદા બ્રિજની બાજુમાં માલસર તરફ જતાં સર્વિસ રોડ પર બે બાઈકો ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો, જેમાં બન્ને બાઇક સવારોને ઈજાઓ પહોંચતા 108 એમ્બ્યુલન્સમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં.

શિનોર તાલુકાના માલસર ગામ નજીક મોડી રાત્રે એક અકસ્માતની ઘટના બની હતી, જેમાં માલસર અસા નર્મદા બ્રિજની બાજુમાં માલસર તરફ જતાં સર્વિસ રોડ પર બે બાઈકો ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો, જેમાં બન્ને બાઇક સવારોને ઈજાઓ પહોંચતા 108 એમ્બ્યુલન્સમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. લોકચર્ચા મુજબ એક બાઈક માલસર ગામની છે, જ્યારે બીજી બાઈક કોઈ અજાણ્યા ઈસમ ની છે.આ બનાવ અંદાજિત રાત્રે 11.30 કલાકે બન્યો હતો. અને શિનોર થી માલસર તરફ જતાં સમયે બંને બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

શિનોર પોલીસ દ્વારા બેફામ અને ઓવરસ્પીડ વાહન હંકારતા ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવે તે અતિ જરૂરી બન્યું છે.

## જિ. કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષતામાં જિ. સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર , તા. 1

જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને છોટાઉદેપુર કલેક્ટર કચેરીના સંકલન હોલ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. સંકલન સમિતિની બેઠકમાં જિલ્લા કલેક્ટરએ સંકલન સમિતિના અધિકારીઓ સાથે જન પ્રતિનિધિઓના પ્રજાલક્ષી પ્રશ્નો પર ચર્ચા કરી તેમનો સમયમર્યાદામાં હકારાત્મક નિકાલ કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં સાંસદ જશુભાઈ રાઠવા, સર્વે ધારાસભ્ય અભેસિંહ તડવી, રાજેન્દ્રસિંહ રાઠવા, જયંતીભાઈ રાઠવા, જિલ્લા વિકાસ અધિકારી સચિન કુમાર, પ્રાયોજના વહીવટદાર કલ્પેશકુમાર શર્મા, પોલીસ અધીક્ષક ઈમ્તિયાઝ શેખ, નિવાસી અધિક કલેકટર શૈલેશ ગોકલાણી, ડીઆરડીએના નિયામકશ્રી કે.ડી.ભગત સહિતના વિવિધ વિભાગોના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

**APMCમાં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા આદેશ**

## કમોસમી વરસાદની આગાહીને પગલે ખેડૂતોને તકેદારી રાખવા સંદેશ અપાયો

**ખેડુત મિત્રોએ** કાળજી રાખી આગોતરા સાવચેતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે

(પ્રતિનિધિ) બોડેલી, છોટાઉદેપુર તા. 1

ખાતર અને બિયારણ ના વિક્રેતાઓએ જથ્થો પલળે નહીં તે રીતે ગોડાઉન સુરક્ષિત રાખવા જણાવ્યું હતું.

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તા.૦૧-૦૪-૨૦૨૫ થી તા.૦૩-૦૪-૨૦૨૫ દરમિયાન ગુજરાતના જિલ્લાઓ જેમ કે વલસાડ, નવસારી, નર્મદા, તાપી, સુરત, ડાંગ, અરવલ્લી, દાહોદ, છોટાઉદેપુર, મહિસાગર, પંચમહાલ, સાબરકાંઠા, ભરુચ, આણંદ, વડોદરા, અમરેલી, ભાવનગર, બોટાદ અને ગીર સોમનાથ જિલ્લાઓમાં છુટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી થયેલ છે. આવા સમયે વાદળ છાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે, તેમ છતાં તકેદારીનાં પગલા લેવા રાજ્યના ખેડુતોને સંદેશ આપવામાં આવે છે.

કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવાના રહેશે. એ.પી.એમ.સી.માં વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચેતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે. એ.પી.એમ.સી.મા અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા, વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવી.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી / તાલુકા અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ), KVK અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર - ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવા જણાવ્યું હતું.

**આગના ઘુમાડા દેખાતા સ્થળ પરથી એક શકમંદ ઝડપાયો**

## વાઘોડિયામાં મોડી રાતે કુમાર શાળા નજીક સાંઈ જનરલ સ્ટોરમાં આગ

**ચોરીના** ઈરાદે આવેલા ઈસમે સિગારેટ દુકાનમાં ફેંકતા આગ લાગી



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 1

વાઘોડિયામાં રાતે સાંઈ જનરલ સ્ટોર્સમા લાગેલી આગ વહેલી સવારે કાબુમાં આવી હતી. આગમાં પાનપડીકી સહિત અનાજ કરીયાણાની ચિજવસ્તુ બડીને ભસ્મીભુત બની હતી. એપોલો કંપનીના ફાયર ફાઈટરોએ આગપર કાબુ મેળવ્યો હતો. વાઘોડિયામાં દિનપ્રતીદિન લબર મુછીયા અને સગીર કિશોરો ચોરીના રવાડે ચઢ્યા છે. ત્યારે છાસવારે થતી નાનીમોટી ચોરી અને દુકાનો તુટવાના બનાવને આગ લાગવાની ઘટના સાથે સરખાવવામાં આવી રહ્યા છે. ચોરીના ઈરાદે આવેલા ઈસમે સિગારેટ દુકાનમા ફેંકતા સિગરેટથી દુકાનમાં આગ લાગી હોવાના આક્ષેપ લોકમુખે ચર્ચા છે. ઘટના સ્થળેથી એક ઈસમને સ્થાનિકોએ ઝડપી પોલીસને સોંપ્યો હતો. મોળી રાતે બજારમાં કુમારશાળા પાસે આવેલા સાંઈ જનરલ સ્ટોર્સમાં આગના ઘુમાડા દેખાતા કેટલાક લોકોએ સ્થળ પરથી એક શકમંદને ઝડપી પાડ્યો હતો, જયારે ત્રણ ફરાર થઈ ગયા હોવાનો દાવો સ્થાનિકોએ કર્યો હતો. આગની વિકરાળ જ્વાળાએ દુકાન અને માળીયામાં મુકેલા તમામ સામાન હોમાઈ ગયો હતો.

### ડભોઈ નગરપાલિકા દ્વારા નગરને સ્વચ્છ બનાવવા મુહીમ ચલાવી રહી છે



ડભોઈ નગરપાલિકા ધ્વારા નગરને સ્વચ્છ બનાવવા મુહીમ ચલાવી રહી છે અને રોડ પર કચરો નાંખનાર ને દંડ ની જોગવાઈ પણ રાખી છે પણ વાડ જ ચિભડાં ગળે તો શું કહેવુ ? ડભોઈ શહેરના મંગેલશ્વર મહાદેવના મંદિર પાસે કોન્ટ્રાકટર ધ્વારા ડસ્ટબીનને જમીનથી ઉંચુ રાખવને બદલે અંતર ઓછુ રાખવા ને કારણે ટસ્ટબીન ને ભૂંડો ધ્વારા ડસ્ટબીન ને નીચે પાડી ને કચરાનું રમણભમણ કરવાને કારણે કચરો અસ્તવ્યસ્ત કરી દેવામાં આવે છે.

# ભરૂચમાં માનવ અંગો મળવાનો ભેદ ઉકેલાતા હત્યાનો ગુનો દાખલ

**ચાર દિવસ** બાદ મૃતકની ઓળખ થઇ, ત્રણ દિવસમાં શરીરના ચાર ટુકડા મળ્યા

**મૃતક 34** વર્ષીય સચિનકુમાર પ્રવીણસિંહ ચૌહાણની ઓળખ થઇ



(પ્રતિનિધિ) ભરૂચ , તા. 1

ભરૂચમાં ગત શનિવારના રોજ ભોલાવ GIDCની ગટરમાંથી એક અજાણ્યા વ્યક્તિનું કપાયેલું ગળું મળી આવતા સૌને કુતુહલ સર્જાયું હતું. બીજા દિવસે (રવિવારે) તેમાંથી થોડેક આગળ તેનું કમરથી ઘૂંટણ સુધીનો ભાગ મળ્યો હતો. અને ત્રીજા દિવસે સોમવારે પણ બંને હાથ પણ મળી આવતા કોઈકની હત્યા થઇ હોવાનું લાગી આવ્યું હતું. જ્યારે મંગળવારે મૃતક કોણ છે એની ઓળખ બહાર આવી હતી. પોલીસ અનુસાર મૃતક ભરૂચ શહેર એ ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલા વેદાંત સોસાયટીમાં રહેતો પરપ્રાંતીય 34 વર્ષીય સચિનકુમાર પ્રવિણસિંહ ચૌહાણ હોવાનું ખુલ્યું છે. તા-28મી ફેબ્રુઆરીના રોજ સચિન ચૌહાણ તથા તેની પત્ની પુત્ર સાથે હોળીના કરવા માટે માદરે વતનમાં ગયા હતા. ત્યારબાદ સચીનનો ફોન સ્વીચ ઓફ થયો હતો. હત્યા કરનારો તેનો મિત્ર શૈલેન્દ્રસિંગ વિજય ચૌહાણ સામે ગુનો દાખલ કર્યો છે.

## ક્વાંટ તા. પં. કા. અધ્યક્ષ જય જવાન સૈનિક ફાઉન્ડેશનની મુલાકાતે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર , તા. 1

જય જવાન સૈનિક ફાઉન્ડેશન અને ઈકો યુનિટી ટ્રાઈબલ પ્રોગ્રેસ ઈનિશીયેટીવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છોટાઉદેપુર ખાતે શરુ કરાયેલ હોસ્ટેલ ની મુલાકાત લેતા ક્વાંટ તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ

છોટાઉદેપુર જિલ્લા સ્થળે જય જવાન સૈનિક ફાઉન્ડેશન અને ઈકો યુનિટી ટ્રાઈબલ પ્રોગ્રેસ ઈનિશીયેટીવ ચેરીટેબલ ટ્રસ્ટ છોટાઉદેપુર દ્વારા શરૂ કરવામાં આવેલ હોસ્ટેલ માં રહી સ્પર્ધાત્મક પરિક્ષાઓ માટેની તૈયારીઓ કરી રહેલા ૭૦ થી વધુ યુવાનો માટે ક્વાંટ તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ પીન્ટુભાઇ રાઠવા એ મુલાકાત લીધી હતી અને જરૂરી રાશન સામગ્રી આપવામાં આવી હતી. તેમજ આ પ્રસંગે આ પ્રસંગે જય જવાન સૈનિક ફાઉન્ડેશન તથા ઈકો યુનિટી ટ્રાઈબલ પ્રોગ્રેસ ઈનિશીયેટીવ ચેરીટેબલ ટ્રસ્ટ છોટાઉદેપુર ના પ્રમુખ ગોપાલભાઈ રાઠવા તથા નિરંજનભાઈ રાઠવા, વાલસિંગભાઈ રાઠવા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.